સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ઘરમાં આવી, મારીને ઉપાડી જાય છે, આતંક!
રક્ષકો પણ મારે છે પટ્ટાથી, થાય છે આતંક!
ખેલે ખેલ પાણીના, મત માટે, થાય છે આતંક!
સૈન્ય સોદાની ખાયકીમાં પણ થાય છે આતંક
(ચારેકોર આતંક)

હાઈકુ

ઓગને દંભ
છલકાય બણગા -
નર્મદા સૂકી...
(નમામી દેવી?!)

રાખવું હતું -
આત્મહત્યા જેટલું,
ચિંતા છે 'સોની'
(અમે વેડફ્યું તમે બચાવો)

ચિંતન

કર્મસુ ચામુતમ્ ।

કર્મલોકમાં કર્મ દ્વારા અમૃતતત્વ મળે છે.

જેમ બીજમાંથી અંકુર થાય છે. તેમ બ્રહ્માના તપને કારણે સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે. સૃષ્ટિની ઉત્પત્તિ કરવા માટે બ્રહ્મને પણ તપ કરવું પડે છે. આ રીતે મનુષ્યોએ પણ કોઈ પણ ઉત્પાદક વ્યવસાય કરવો હોય તો પહેલાં તપ કરવું આવશ્યક છે. તપ વિના ઉત્પાદન અસંભવ છે.

સૃષ્ટિ ઉત્પન્ન થયા પછી જીવ-સૃષ્ટિના ભોગ માટે અન્ન ઉત્પાદન થાય છે. જેવી રીતે પુત્રની ઉત્પત્તિ સાથે તેના માટે દૂધ ઉત્પન્ન થાય છે. તેમ જ આ પ્રવૃત્તિ થાય છે. જેવું અન્ન હશે તેવું મન બનશે. માટે અન્નના સ્વીકાર સમયે અન્ન કેવું છે તે વિચાર કરવો જોઈએ.

જે જેવા કર્મ કરશે તે તેવા મોટા બનશે.

કર્મોમાં અમૃત છે. અમર બનવું હોય તો ઉત્તમ કર્મ કરવા જોઈએ.

સુવિચાર

- મધુર સ્વભાવ વાલો બધાં કરતાં વધુ આનંદિત ત્યારે થાય છે, જયારે બીજાઓને તે પોતાના આનંદમાં સામેલ કરે છે - **સંત રોબિન**
- અવસર વીતી ગયા પછી બુદ્ધિશાળી થવું સરળ છે - **અખંડ આનંદ**
- બેદરકારી પ્રાયઃ અજ્ઞાનતા કરતાં પણ અધિક નુકશાન કરે છે - **ફ્રેંકલીન**
- જાણવું પૂરતું નથી, જ્ઞાનનો લાભ લેવો જોઈએ, વિચાર કરવો પૂરતો નથી, તે સંપૂર્ણ કરવો જોઈએ - **ફ્રેડરિક નિત્સે**
- ભય જોખમ ઓછું કરવાને બદલે તેને બોલાવે છે - **જોન કોલીંગ્સ**
- મનુષ્યોની ભૂલમાં - ખામીમાં તેનો સ્વાર્થ રહેલો છે, સ્ત્રીઓની ખામીના મૂળમાં તેની દુર્બળતા - **માદમ માર્શલીના**
- આજનું ઔષધ : તડબૂચના પાંચ ગ્રામ બીજને વાટી, ખડી સાકર, મરી સાથે ગરમ દૂધમાં ઉમેરી સેવન કરવાથી યાદશક્તિમાં ફાયદો થાય છે. ***(સંકલન : દિપક વી. આશરા)***

બોધકથા

અશાંતિ અને ઉચાટ અને સંસારની માયાજાળથી કંટાળી એક માણસને સંસારમાં અરુચિ થઈ. તેણે ઘરનો ત્યાગ કર્યો. ઈશ્વર દર્શનની ઈચ્છામાં તે ખૂબ રખડ્યો. પણ મનમાં શાંતિ ન મળી. કેટલાય દિવસોથી ભૂખ્યો તરસ્યો થાકીને એક ખેતરમાં પહોંચ્યો. ત્યાં એક ખેડૂત મળ્યો. ખેડૂત શાંત અને પ્રસન્ન ચિત્તે ખેતીમાં લાગેલો હતો. તેને જોઈને પેલા માણસે તેને પૂછ્યું. 'ભાઈ, તમારી પ્રસન્નતાનું રહસ્ય શું છે ?' ખેડૂતે જવાબ આપ્યો, 'મને ઈશ્વરનાં દર્શન થઈ ગયા છે.' પેલા માણસને થયું કે હું આટલું રખડ્યો તોયે મને પરમાત્માના દર્શન થતાં નથી અને આને ભગવાન સહેલાઈથી દર્શન આપે છે ? તેણે ખેડૂતને કહ્યું, 'મને પણ પરમાત્માના દર્શન કરાવો ને !!'

જવાબમાં તે ખેડૂતે થોડા ચોખા રાંધ્યા તેના બે ભાગ કર્યા. એક પોતાના માટે રાખ્યો અને એક પેલા માણસને આપ્યો. બંનેએ ભાત પાછા પેટ ભરાતા પેલા માણસને ઊંઘ આવી ગઈ. કેટલાય દિવસોથી ભોજન ન મળવાથી અને થાકને કારણે માણસ લાંબા સમય સુધી સૂતો રહ્યો. જયારે તે ઉઠ્યો તો તેને અનુભવ થયો કે તેણે આજના જેવી શાંતિ કે હળવાશ પહેલાં કદી અનુભવી ન હતી. આજુબાજુ ખેડૂતને શોધવાનો પ્રયત્ન કર્યો પણ ખેડૂત ન મળ્યો. માણસને અનુભવ થયો કે તે ખેડૂત જ ઈશ્વર હતા અને તેઓ તેને એ બોધ આપવા આવ્યા હતા કે અનાસક્ત કર્મ જ ઈશ્વર દર્શનનો સાચો અને સરળ માર્ગ છે.

સાંસ્કૃતિક દિગ્વિજયની ઘટના

તંત્રીસ્થાનેથી...

દેશમાં અનેક મોરચે નિષ્ફળ રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિદેશોમાં અત્યાર સુધીના શ્રેષ્ઠ ભારતીય નેતા તરીકેની પ્રતિષ્ઠા હાંસલ કરી શક્યા છે. અગાઉના કોઈ પણ ભારતીય વડાપ્રધાને ઈઝરાયલ અને પેલેસ્ટાઈનને એકી સાથે રાજી રાખવામાં એમના જેટલી સફળતા નથી મેળવી. એમણે નેતન્યાહુ સાથે નિકટતા કેળવી અને પેલેસ્ટાઈનનો સર્વોચ્ચ રાષ્ટ્રીય એવોર્ડ પણ હસ્તગત કરી લીધો. નોબેલ પ્રાઈઝ પણ હાથવેંતમાં જ ગણાય. કદાચ એમ થશે તો તઓ પ્રથમ ભારતીય નોબેલ લોરીએટ વડાપ્રધાન બની જશે ! અયોધ્યામાં રામ મંદિર બને એ માટે જે કોઈ મહાનુભાવો સક્રિય છે તે મોદીના આશીર્વાદ અને સમર્થનથી જ કાર્યરત છે - એમ કહેવામાં ભાગ્યે જ અતિશયોક્તિ લેખાશે. બેંગલુરુમાં બેઠાં બેઠાં શ્રી શ્રી રવિશંકર આ મુદ્દે અદાલત બહાર સમાધાન શોધવા મથી રહ્યા હોય તો જરૂર એમાં વડાપ્રધાનને મદદરુપ થવાનો ૨૦૧૯માં ફરી એક વાર એમને વધુ પાંચ વર્ષ માટે એ પદ પર પ્રસ્થાપિત કરવાનો જ આશય હશે. શ્રી શ્રી રવિશંકરે વડાપ્રધાનના શુભેચ્છક તરીકે ભજવેલી ભૂમિકા ભાગ્યે જ કોઈ ભૂલી શકે.

અબુધાબીમાં શિવરાત્રીના જ સમયગાળામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અક્ષરધામ જેવા જ એક ભવ્ય સાંસ્કૃતિક સંકુલ સહિતના સ્વામિનારાયણ મંદિરનું શિલારોપણ કરવાના છે, તે સમાચાર માત્ર બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા માટે કે સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તો માટે જ નહીં બલકે દેશના વિશાળ હિંદુ સમાજ માટે ગૌરવ લેવા જેવી ઘટના બની રહેશે. ખાડીમાં મુસ્લિમ દેશોમાં લોકશાહી નથી. પરંતુ આ દેશો એમની અઢળક તેલ સંપદાને કારણે દુનિયા આખીને પોતાની આંગળીએ નચાવતા રહ્યા છે. અબુધાબીના શેખ અને એમનાં મુખ્ય બેગમ મોરારિ બાપુની રામકથામાં હાજર રહે, બેગમ એમના માથા પર રામચરિત માનસની પવિત્ર પોથી ઊંચકી વ્યાસપીઠ પર પધરામણી કરવા પધારે કે પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એ જ અબુધામીમાં પ્રમુખ સ્વામી અને મહંત સ્વામિના સ્વપ્ન સમા અક્ષરમંદિરનું ખાતમુહૂર્ત કરે તે ભારતીય સમાજ માટે એક પ્રકારના સાંસ્કૃતિક દિગ્વિજયની જ ઘટનાઓ ગણાય. બ્રહ્મવિહારી સ્વામી કહે છે તેમ અબુધામીનું આ સ્વામિનારાયણ મંદિર વિશ્વચેતનાનું અને ધાર્મિક સૌહાર્દનું કેન્દ્ર બની રહેશે. આમ જુઓ તો સોમનાથના જીર્ણોદ્ધાર જેટલી જ મહત્ત્વની ઘટના છે. આવી ગરિમાપૂર્ણ ઘટનાઓ ચૂંટણીના રાજકારણમાં દુરુપયોગ ન જ થવો જોઈએ. છતાં એ નહીં જ થાય એની ખાતરી નથી ! અલબત્ત, દિવંગત પ્રમુખ સ્વામીનો આત્મા જ્યાં પણ વિચરતો હશે ત્યાંથી તે જરૂર અબુધામીના શેખ પર અને નરેન્દ્રભાઈ પર કૃપા વરસાવશે. આખરે સાંસ્કૃતિક સમન્વયની આવી ઘટના તો સર્વમંગલકારી જ ગણાવી જોઈએ. આપણે આશા રાખીએ કે આવનારા દિવસોમાં રામમંદિરનો પણ કોઈ સર્વસંમત ઉકેલ મળી આવે.

લગ્નેતર સંબધમાં પુરુષ અને સ્ત્રી માટે સમાન કાયદાની માંગ

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ભારતમાં સ્ત્રી અને પુરૂષને સમાન હક્કો બંધારણથી આપવામાં આવ્યા છે તેમ છતાં સ્ત્રીના રક્ષણ માટે વિશેષ કાયદા ઘડવામાં આવેલ છે પરંતુ પુરૂષ સમોવડી સમજતી સ્ત્રીને અબળા નારી ગણી તેના માટે તથા પુરૂષ માટે વ્યક્તિવાદ અંગે, લગ્ન બ્રાહ્ય સંબધ માટે અલગ અલગ કાયદાની જોગવાઈ છે જે અંગેના સુપ્રિમ કોર્ટમાં પાંચ સ્તરીય બેઠકમાં આ પ્રશ્ન રજુ કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે.

ભારતીય બંધારણની કલમ ૧૪ માં કાયદામાં સમાનતા તથા કલમ ૧૫ માં ધર્મ, પ્રજાતી, જાતી લીંગ અને જન્મ તથા સ્થાનના આધારે ભેદભાવ કરવા માટે પ્રતિબંધ ફરમાવ્યો છે તથા કલમ ૨૧ મુજબ વ્યક્તિગત સ્વતંત્રતાની રક્ષા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે તથા તે લગત બંધારણીય હક્ક આપવામાં આવેલ છે જે ભારતમાં જન્મતા દરેક સ્ત્રી અને પુરૂષને સમાન ગણવામાં આવેલ હોવા છતાં વ્યભિચાર તથા લગ્ન બાહ્ય સંબધોમાં સ્ત્રી પુરૂષ માટે અલગ માપદંડથી તોલવામાં આવે છે. આઈ.પી.સી.ની કલમ ૪૯૭ મુજબ કોઈપણ વ્યક્તિ જો એક વ્યક્તિની સાથે જો તે જાણતા હોય કે તે અન્ય કોઈ પુરૂષની પત્ની છે તેમ છતાં તેની સાથે લગ્ન બાહ્ય સંબધ રાખે તેમજ પરણિત સ્ત્રીના પતિની સહમંતી સીવાય યૌન સંધન બાંધે તો આ સંબધને કાયદામાં પુરૂષ દ્વારા સ્ત્રી ઉપર કરવામાં આવેલ બળાત્કારની વ્યાખ્યામાં આવરી લેવામાં આવે છે અને આવા સંબધ ધરાવતા વ્યક્તિ પુરૂષ વ્યભિચારનો આરોપી ગણાશે અને આવા પ્રકારના ગુન્હામાં પુરૂષને જેલ તથા સજાની જોગવાઈ છે જયારે પોતાના પતિની સહમંતી સીવાય વ્યભિચાર આચરતી સ્ત્રીને આ ગુન્હો લાગુ પડતો નથી આવા મામલામાં પત્નીને સહઆરોપી તરીકે દર્શાવવામાં આવતી નથી.

સમગ્ર મામલામાં સુપ્રિમ કોર્ટની પાંચ સ્તરીય કમિટીએ ગૃહ મંત્રાલયને નોટીસ પાઠવી જણાવ્યું કે સમગ્ર કાયદો ખૂબ જ જુનો છે. આધુનિક યુગમાં લગ્ન બાહ્ય સંબધો આમ બાબત માનવમાં આવે છે ટેકનોલોજીના યુગમાં કયારે સ્ત્રી અને પુરૂષ વચ્ચે લાગણીના સંબધનો એન્ડ રચાય તે કહિ શકાય નહિ પછી ભલે તે બન્ને અન્ય વ્યક્તિ સાથે પરણિત જીવન જીવતા હોય આ કાયદાની આધુનિક વિચારસણી ધરાવતા યુગ સાથે સમીક્ષા થવી જરૂરી છે.

આઈ.પી.સી.ની કલમ ૪૯૭ તથા ૧૯૮ માં ફેરફાર માટે માંગી

હાલમાં કલમ ૪૯૭ મુજબ ગુન્હામાં પુરૂષને ૫ વર્ષની કેદની જોગવાઈ છે જયારે સ્ત્રી ઉપર કોઈ જ ગુન્હો બનતો નથી.

નવી પેઢીના નવા વિચારોને અપનાવવા પણ એટલા જ જરૂરી છે વ્યભિચારના કેસમાં માત્ર પુરૂષને જ શા માટે ગુન્હેગાર ગણી આઈ.પી.સી.ની કલમ ૪૯૭ મુજબનો ગુન્હો નોંધી માત્ર પુરૂષ ઉપર જ કેસ ચલાવવો યોગ્ય નથી સ્ત્રીને પણ એટલી જ જવાબદાર ગણવી જોઈએ અગર તો પરસ્પરની સંમતિથી આચરેલ લગ્ન બાહ્ય સંબધને વ્યભિચારની વ્યાખ્યામાંથી મુક્ત કરવા જોઈએ. સમાજમાં હવે સ્ત્રીનું સ્થાન પુરૂષ સમોવડી ગણવામાં આવે છે તેને લલચાવી, ફોસલાવી એકતરફી રીતે લગ્ન બાહ્ય સંબધો બાંધવા એ પુરૂષ માટે અશકય બાબત છે અન્ય પુરૂષ એકલો આગળ વધી શકતો નથી એકતરફી પ્રેમમાં પુરૂષ સ્ત્રીને માત્ર હેરાન, પરેશાન કરી છેડતી કરી શકે છે.

સુપ્રિમ કોર્ટમાં રજુ થયેલ આ બાબતની યાચીકા પી.આઈ.એલ. ના સંદર્ભમાં પાંચ સ્તરીય બેઠકમાં સુપ્રિમ કોર્ટના માન. મુખ્ય જસ્ટીસ શ્રી દિપક મીશ્રાની અધ્યક્ષતામાં અન્ય ચાર જજોની સમિતીથી ગૃહ મંત્રાલયને જવાબ રજુ કરવા તથા મંત્રાલય આ પ્રકારના ગુન્હાની વ્યાખ્યામાં આઈ.પી.સી.ની કલમ ૪૯૭ માં આજના આધુનિક યુગના સાથે કદમ મીલાવી ફેરફાર કરવા માંગે છે કેમ? તેનો જવાબ માંગેલ છે. વ્યભિચારના કેસોમાં આઈ.પી.સી.ની કલમ ૪૯૭ ના ગુન્હામાં આવનાર દિવસોમાં નીચલી કોર્ટમાં ચાલતા કેસોમાં પણ બદલાવ લાવવો પડશે તથા અગાઉ આપેલા નિર્ણયમાં પણ પુનઃ વિચાર કરવાની આવશ્યકતા સદર જનહિત યાચીકાથી ઉઠેલ છે અગાઉ ૧૯૫૪, ૧૯૮૫ તથા ૨૦૧૧ માં આઈ.પી.સી.ની કલમ ૪૯૭ ને કાયદેસર માનવામાં આવેલ તે માન્યતા ઉપર કાયદામાં બદલાવ લાવવાથી પ્રભાવ પડશે તથા એકતરફી રીતે પુરૂષ ઉપર ચાલતા કેસોમાં નવો નિર્ણય લેવાશે કાં તો પુરૂષ અને સ્ત્રી બન્નેને ગુન્હેગાર ગણાશે અગર તો બન્નેમાંથી એકેયને ગુન્હેગાર ગણવામાં નહિ આવે આ નિર્ણયમાં ફેરફારથી સમાજ જીવન, સંસ્કૃતિ, રીવાજ, માન્યતા વિગેરેમાં પણ સમાજમાં બદલાવ આવશે.

જાતિ અને લીંગની સમાનતાના પ્રશ્ને આ બાબત સુપ્રિમ કોર્ટને વિચારતા કરેલ છે. અતિ સંવેદનશીલ મુદ્દા ઉપર આવનાર સમયમાં અન્ય કોર્ટના નિર્ણય અનુમાનો તથા સમાજમાંથી પણ પ્રતિભાવ મંગાવવામાં આવશે. સામાજીક સંગઠનો, જ્ઞાતિ, જાતિ, રીત, રીવાજ, સંસ્કૃતિ વિગેરે ઉપર પણ મોટો પ્રશ્નાર્થ ઉઠવા પામશે તે નક્કિ છે. નવી પેઢીની માન્યતા સાથે જુની પેઢીના હઠાગ્રહનો ટકરાવ પણ શકય છે.

યાચીકા કરતાએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૮ને પણ પુનઃ વિચાર માટે

અનુસંધાન પાના નં. ૭ પર

તારું છે ફૂલ અને મારું પતંગિયું, મધુરપ તે આપણા બેની

તારો તે ચાંદલો ને મારો સૂરજ છે,
આખું નભ આપણા બેનું;
તારી તે વાટ અને મારું તે તેલ મહીં,
જ્યોતિ તે આપણા બેની;
તારું છે ફૂલ અને મારું પતંગિયું,
મધુરપ તે આપણા બેની.

- ચંદ્રકાન્ત શેઠ



WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

સ્ત્રીસશક્તિકરણ અને પુરુષ સમોવડી સ્ત્રી બનવાના આજના આ સમયમાં સાહચર્યનું માધુર્ય જોખમાઈ રહ્યું હોય તેમ લાગે છે. પ્રેમ, કાળજી અને હૂંફ એ પતિ-પત્ની એકબીજા પાસે માંગીને નથી મેળવતા; એ તો સાહજિક રીતે થતી પ્રક્રિયા હોય છે. ચોક્કસપણે આજનો આ સમય સ્ત્રીઓ માટેનો સુવર્ણકાળ સમો છે. આ ક્રાંતિ રાતોરાત અનાયાસ જ આવી નથી. વિચારકોએ, સમાજ-સુધારકોએ, આગેવાન પુરુષોએ વારંવાર કહ્યું છે અને વર્ષોથી કહ્યા કર્યું જ છે કે સ્ત્રીઓનો વિકાસ થયા સિવાય દેશના ઉન્નતિ શક્ય નથી. નર્મદે અને દુર્ગારામ મહેતાજીએ આ આદર્શ રજૂ કર્યો હતો. મહર્ષિ કર્વેએ પણ આ આશયથી સ્ત્રી-શિક્ષણની યોજના કરી અને નાથીબાઈ ઠાકરસી વિદ્યાપીઠની સ્થાપના કરી. ને રાષ્ટ્રપિતા ગાંધીજીએ તો, સ્ત્રીઓના સાથ અને સહકાર વિના આઝાદીની લડત પણ સફળ થવાની નથી એમ કહીને, નાનાં-મોટાં તમામ કામોમાં સ્ત્રીનો સાથ માગ્યો.

બોલીવૂડથી માંડીને રમતગમત, પોલિટિક્સથી માંડીને પાયલોટ સુધી તમામેતમામ ક્ષેત્રોમાં આજે સ્ત્રીઓ પોતાની મહેનતથી પ્રતિષ્ઠાનો ડંકો વગાડી દીધો છે. પણ આપણે એ વાત ચોક્કસપણે સ્વીકારવી જ રહી કે અહીં સુધી પહોંચાવામાં કેટલાક ઉત્તમ અને સજ્જન પુરુષોનો સ્ત્રીઓને હંમેશા મૂંગો સહકાર મળતો રહ્યો છે. 'ટોઈલેટ - એક પ્રેમકથા' અને હવે તાજેતરમાં જ રિલીઝ થયેલ 'પેડમેન' બંનેમાં એક પત્નીની તકલીફને જોઈને પુરુષના મનમાં જાગેલી ક્રાંતિની એવી એક જયોત કે જેનાથી સમગ્ર સ્ત્રીઓની પરિસ્થિતિમાં બદલાવની પ્રક્રિયા શરૂ થઈ. 'માંઝી' નામની ફિલ્મ તો આ બાબતનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ સમાન જ ગણાય તેવી હતી. અને 'મેન્સ્ટ્રુએશન' એટલે કે માસિક ધર્મ અંગેની વાતચીત, ચર્ચા અને ભ્રમણાઓ વિષેની આટલા મોકળા મને વાતચીત થઈ શકે એ તો જાણે એક ચમત્કાર સમું જ ગણાય. આપણે દરેક બાબતને ધર્મ સાથે સાંકળી લઈએ છીએ અને એની સાથોસાથ લોકો તેમજ સમાજ શું કહેશે અને આ સદીઓથી ચાલતી પરંપરા, માન્યતા અને કુરિવાજોના દૂષણને દૂર કરવાનો એકમાત્ર ઉપાય શિક્ષણ અને જાગૃતિ આણવાનો જ છે. જે સમયાંતરે આજે દેખાઈ રહ્યો છે. શ્રી પી. મૂર્તિ લખે છે :

"આપણી કુટુંબરચના સ્ત્રીની લાચારી પર, આપણી ઉત્પાદનપદ્ધતિ મજૂરોની કંગાલિયત પર અને આપણી સમાજવ્યવસ્થા અછૂતોની હીનતા પર ટકેલી છે. તે એક અમાનવીય જીવનપદ્ધતિ છે. આને સ્થાને બીજી જીવનપદ્ધતિ લાવવાનો ઈલાજ જીવનશિક્ષણ છે."

આપણે અમુક બાબતો વિષે ચર્ચા કરવાનું ટાળીએ છીએ, તેનાથી આપણા સંસ્કારો નષ્ટ થાય છે અને મર્યાદાનો લોપ થાય છે તેમ માનીએ છીએ. પણ ખરેખર કોઈ પણ બાબતની મોકળા મને ચર્ચા કરીએ સંબંધોમાં કે સમાજમાં પારદર્શિતા લાવી શકાતી હોય તો એવો ક્ષોભ કે છોછ રાખવાની કોઈ જરૂર રહેતી નથી. કોણ જાણે કેટકેટલા વર્ષોથી કે સદીઓથી માસિક ધર્મને લગતી સાંભળેલી વાતો આપણા મનમાં દૃઢ ઘર કરીને બેસી ગયેલી હશે અને આજે જયારે એ વિષે કોઈ ખુલ્લા મને વાત કરે તો આપણી સંસ્કૃતિ અને સભ્યતા પર બટ્ટો લાગવા જેવી બાબત નથી જ એ વાત હવે દૃઢપણે સૌને સમજાઈ રહી છે. બાળક નાનું હોય અને પ્રથમ વખત તેને આ કુદરતી પ્રક્રિયા એટલે કે મેન્સ્ટ્રુએશન વિષે જણાવવામાં આવે ત્યારે તે ગભરાઈ જતું હોય છે. પણ સારી રીતે અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ સરળ રીતે સમજાવીને તેને ભ્રમણાઓથી દૂર રાખી શકાય છે અને સાચી વાતથી પૂરી રીતે વાકેફ કરી શકાય છે. સ્ત્રી-પુરુષ બંનેને બાલ્ય અવસ્થાથી જ જો આ પ્રકારનું શિક્ષણ યોગ્ય રીતે મા-બાપ તરફથી જ આપવામાં આવે તો ઘણી ભ્રામક માન્યતાઓને જડમૂળથી નાબૂદ કરવામાં ચોક્કસપણે સફળતા પ્રાપ્ત થઈ શકે. કવિ શ્રી મકરંદ દવે લખે છે તેમ :

"સાચને પડખે રહીને ઝઝૂમતાં...
આપણે પળવાર પણ ખસવું નથી...
જાલિમોને ધૂર્તના પાયે પડી
કોઈ દી કોઈ મિષે નમવું નથી...'

દરેક સ્ત્રી માસિક ધર્મની પીડા, મેનોપોઝ સમયની બેચેની, ડિલિવરી પછીની તકલીફો આ તમામ સમસ્યાઓને માત્ર શારીરિક જ નહિ માનસિક રીતે પણ ભોગવી રહી હોય છે. તો આવા આ સમયમાં સમજણપૂર્વક, હૂંફપૂર્વક સહૃદયી બની પુરુષો તેમજ પરિવારના અન્ય સભ્યો સહકાર ભર્યું વલણ દાખવે તો સહજીવન અને સહચર્યની ભાવનાને ઉજાગર કરતું પ્રેમાળ કુટુંબજીવન અને સમાજજીવન આપણે સર્જી શકીએ. સ્ત્રી અને પુરુષ એકબીજાના પૂર્વક છે અને સાથે મળીને જીવનમાં આવનારી સમસ્યાનો સામનો કરી રહ્યા હોય છે. આજની સ્ત્રી જયારે ઘરની આર્થિક જવાબદારીનું વહન કરવામાં સહભાગી બની છે. તો આપણે સૌએ ગૌરવપૂર્વક એ બાબત સ્વીકારવી જ રહી કે આજનો પુરુષ પણ સ્ત્રીની ભાવનાઓ અને સંવેદનાઓને વધુ સારી રીતે સમજી શકનારો બની રહ્યો છે. આપણું આ સાયુજ્ય આમ જ જળવાયેલું રહે એ જ આ લગ્નગાળાની અને વેલેન્ટાઈનમાં આપણી સૌની મહેચ્છા.

Last Seen :

ભલેને બાપડું આવો !

સંસારમાં સુખદુઃખ બેઉનાં જોડલાં જ સૌને માટે નિર્માયાં છે, એટલે દુઃખને દૂર રાખવું એ તો આપણા હાથની વાત નથી, આપણા હાથની વાત તો આ છે કે સુખમાં ને દુઃખમાં આપણો સંગાથ તૂટે નહીં, દાંપત્યની નિષ્ઠા ડગે નહીં અને બેઉ વચ્ચે સરસાઈ ચાલે એક જ વાતની કે કોણ વધુ સહિષ્ણુ ને ધીર રહી શકે છે, કોણ વધુ અનુકૂળ બની રહે છે. આટલું હોય તો પછી ભલે ને દુઃખ બાપડું આવો !

- ઝવેરચંદ મેઘાણી

- nehalgadhavi101@gmail.com

લોકપ્રિયતા ટકાવવા માટે નેવાંનાં પાણી મોભે ચડાવવાની મથામણ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નાલેશીભર્યા વિજય અને રાજસ્થાનની બંને લોકસભા બેઠકો તથા એક વિધાનસભા બેઠક પર ભાજપના કરુણ પરાજય પછી ભાજપ ઘાયલ વાઘની સ્થિતિમાં છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને એમનો પક્ષ બમણા જોરથી ઈશાન ભારતનાં ત્રણેય રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયને ભાજપના નેતૃત્વવાળા એનડીએની ઝોળીમાં અંકે કરી લેવા કૃતસંકલ્પ છે. ત્રણેય રાજ્યો ભલે ખોબલા જેવડાં હોય, પણ આવતા દિવસોમાં કૉંગ્રેસ કનેથી કર્ણાટક છીનવીને બૅંગલૂરુમાં ભાજપની યેડિયુરપ્પા સરકાર સ્થાપવી છે. આ માટે ઈશાન ભારતનાં ત્રણ રાજ્યોને કોઈ પણ ભોગે જીતી લેવાં અનિવાર્ય છે. ઈશાનનાં આઠ રાજ્યોમાં મોદી જાદુ છવાયો છે. માત્ર ભાજપ જ નહીં, સમગ્રપણે સંઘ પરિવાર એ

- ઈશાન ભારતનાં 'અષ્ટલક્ષ્મી'માં મોદીનો જાદુ પાથરીને કર્ણાટક કબજે કરી લેવાના ભગવી પાર્ટીના વ્યૂહ
- ત્રિપુરાના યુવાન "મહારાજા" પ્રદ્યુત દેવવર્ધનને ભાજપીમુખ્યમંત્રીના ચહેરા તરીકે રજૂ કરવામાં નિષ્ફળતા
- એકાએક ડીએમકેના સુપ્રીમોની તબિયતના ખબર કાઢવા જવાયું અને ટુ-જી કૌભાંડ નહીં થયાના વાવડ આવ્યા
- હવે મોદી સરકારને ઘરભેગી કરવા ૨૩ માર્ચથી રામલીલા મેદાન પર ફરીને અણ્ણા હજારેની રાજકીયલીલા

સંકલ્પને સાકાર કરવા મેદાને પડ્યો છે. ઈશાન ભારતનાં સિક્કિમ સહિતનાં આઠ રાજ્યોમાંથી આ ત્રણ રાજ્યો પર ભાજપ અને મિત્રપક્ષોનો કબજો થતાં એકમાત્ર મિઝોરમના કૉંગ્રેસી ગઢને ખેરવવાનો રહે છે. એ પણ આવતા વર્ષ દરમિયાન રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢની ચૂંટણીઓ સાથે સર કરવાના વ્યૂહ ઘડાયા છે.

રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં ભાજપની સરકારોનાં પરાજયની ગણતરી ખરી. જોકે, લોકસભાની ચૂંટણી ડિસેમ્બર ૨૦૧૮માં કરી લઈને પક્ષ અને કેન્દ્ર સરકારની કથળતી જતી સ્થિતિ વચ્ચે ફરીને નરેન્દ્ર મોદીના પુનઃ સત્તારોહણનાં આયોજન ખરાં. ઉત્તર ભારતનાં રાજ્યોમાં મે ૨૦૧૪માં ભાજપને મળેલી બેઠકોમાં સંભવિત ઘટાડો તમિળનાડુમાં દ્રમુક સાથેના જોડાણ થકી સરભર કરી લેવા માટે વડા પ્રધાન એકાએક કરુણાનિધિના ખબરઅંતર પૂછવા ગયા. એ પછી કરુણાનિધિના પક્ષના એ. રાજા તથા કરુણાનિધિ-પુત્રી કળિમોળી ટુ-જી કૌભાંડમાં નિર્દોષ છૂટી ગયાના વાવડ આવ્યા. અત્યાર લગી ભારે ઊંધામા છતાં કેરળ અને તમિળનાડુમાં ભાજપને વિધાનસભા તથા લોકસભામાં માંડ સમ ખાવા પૂરતી એકાદ બેઠક મળતી રહી છે. સંયોગ તો જુઓ કે યુપીએ સરકારનું ટુ-જી કૌભાંડ નહોતું થયું, એ સમાચાર સાથે જ ગોવામાં ભાજપી શાસનમાં ૮૮ ખાણોના કૉન્ટ્રાક્ટ આપવામાં ૩૫,૦૦૦ કરોડ રૂપિયાનું કથિત કૌભાંડ થયાના મુદ્દે સર્વોચ્ચ અદાલતે એ ખાણોની લીઝ રદ કર્યાના વાવડ પણ આવ્યા.

૨૦૧૯માં નિર્ધારિત લોકસભાની ચૂંટણીને છ મહિના વહેલી યોજવાનો જુગાર ખેલી લેવામાં ૨૦૦૪ના 'ઈન્ડિયા શાઈનિંગ'નું વરવું પુનરાવર્તન કરીને ભાજપની સ્થિતિ કફોડી ના થાય, એ માટે છાસ પણ ફૂંકીને પીવાનું મોદી-શાહની જોડી પસંદ કરે છે. આવતા દિવસો એમના નેતૃત્વ માટે તલવારની ધાર પર ચાલવાના સંજોગોનાં એંધાણ આપે છે, છતાં વિપક્ષની એકતાનો સંકલ્પ સાકાર થાય એ પહેલાં જ રાહુલબાબાના ગઢમાં પડાય એટલાં ગાબડાં પાડીને વધુ પાંચ વર્ષ માટે કેન્દ્રમાં શાસનને અંકે કરી લેવા મોદી ઉતાવળા છે.

વિપક્ષી એકતાના ખરતા કાંગરા

વિપક્ષી એકતામાં એક સાંધવા જતાં તેર તૂટવાના સંજોગો છે. વડા પ્રધાનપદના વિપક્ષી ઉમેદવાર તરીકે રાહુલ ગાંધી સર્વમાન્ય નથી. રૂસણે બેસતા ભાજપી મિત્રો શિવસેના, તેલુગુ દેશમ્ અને પીડીપીની ચોટલી અંતે તો કેન્દ્ર સરકારના હાથમાં છે. સીબીઆઈ અને ઍન્ફોર્સમૅન્ટ ડિપાર્ટમૅન્ટ (ઈડી)નો દંડૂકો કે પોપટ સાઉથ બ્લૉક (વડા પ્રધાન કાર્યાલય) અને નૉર્થ બ્લૉક (ગૃહ મંત્રાલય) ઈચ્છે તે રીતે ગતિ કરવા માટે જાણીતો છે. આવા સંજોગોમાં વિપક્ષી એકતાનો સંઘ કાશીએ એટલે કે સાઉથ બ્લૉકની આસપાસ પહોંચવા થાય એ પહેલાં જ એની એકતાને છિન્નભિન્ન કરી દેવાના વ્યૂહ ૧૧, અશોક રોડ (ભાજપી મુખ્યાલય)માં ઘડાઈ ચૂક્યા હોય છે. આવી સ્થિતિમાં કશું કાચું કપાય નહીં એની તકેદારી સ્વયં વડા પ્રધાન મોદી રાખે એ સ્વાભાવિક છે. સત્તામાં આવ્યા છતાં વિપક્ષની આંદોલનાત્મક છબિ ભાજપની નેતાગીરીએ બરકરાર રાખી છે. મોદી વ્યૂહનો કૉંગ્રેસને અણસાર આવે એ પહેલાં તો અમલ થઈ ચૂક્યો હોય છે.

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

ઈશાન ભારતનાં ત્રણ રાજ્યોમાં ૧૮ અને ૨૭ ફેબ્રુઆરીએ વિધાનસભાની ચૂંટણી યોજાય એ પહેલાં ભાજપશાસિત આસામમાં રોકાણકારોની આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાય છે, અંબાણી અને ટાટા ટ્રસ્ટ થકી એમાં ઈશાન ભારતમાં ભારે મૂડીરોકાણની જાહેરાત કરે છે અને હજારોને રોજગારી આપવાની ખાતરી અપાય છે. સાથે જ વડા પ્રધાન મોદી ઈશાન ભારતનાં આ આઠ રાજ્યોને 'અષ્ટલક્ષ્મી' જાહેર કરીને એમને ભારતના વિકાસયંત્ર માટે ચાવીરૂપ લેખાવે છે. અગાઉનાં વર્ષોમાં કૉંગ્રેસી શાસકોએ કરેલી ભૂલો કે જેમને દુભવ્યા છે એ બધાને ભાજપી પારસમણિથી પવિત્ર કરીને, પોતાની સાથે જોડીને, મોદીનો અશ્વમેધ આગળ વધી રહ્યો છે, એ વાત તો એમના વિરોધીઓએ પણ કબૂલ રાખવી પડશે.

મોદી થકી ભાજપી સરકારો સ્થાપવામાં કોઈ પણ પક્ષના નેતાઓનો સાથ કોઈ પણ છોછ વિના લેવામાં જરાય મણા રાખવામાં આવતી નથી. એક વાર રાજ્યમાં સત્તા મેળવ્યા પછી જે તે આયાતી નેતાઓ પર રિમોટ તો મોદી-સેનાનો ચાલે એ સ્પષ્ટ છે. એટલે ક્યારેક મોદીના સાથીદાર રહેલા વિશ્વ હિંદુ પરિષદના સુપ્રીમો ડૉ. પ્રવીણ તોગડિયા ભલે કહેતા હોય કે આસામમાં દસમાંથી નવ પ્રધાન કૉંગ્રેસ અને અહોમ ગણ પરિષદ (એજીપી)માંથી આવ્યા છે, સત્તા મેળવ્યા પછી એમને યોગ્ય નર્તન કરાવવું જરૂરી છે.

માર્ક્સવાદી ત્રિપુરા અને વિપક્ષી એકતા

માર્ક્સવાદી સામ્યવાદી પક્ષના સાદગીથી જીવતા નેતા માણિક સરકાર છેલ્લાં વીસ વર્ષથી ત્રિપુરામાં મુખ્ય પ્રધાન તરીકે શાસન કરે છે. છેક ૧૯૯૩થી આ રાજ્યમાં કૉંગ્રેસ વિપક્ષમાં છે. ત્રિપુરાના 'મહારાજા' પ્રદ્યુત દેવવર્ધન ઉર્ફે પીકેબી માણિક્ય પણ કૉંગ્રેસમાં હોવા છતાં કૉંગ્રેસના મોટા ભાગના ધારાસભ્યો પણ વાયા તૃણમૂલ કૉંગ્રેસ ભાજપ સાથે ઘર માંડતા થયા છે. આ યુવા 'મહારાજા'ને મુખ્ય પ્રધાનપદના ભાજપી ઉમેદવાર તરીકે આગળ કરીને માર્ક્સવાદી શાસનનો અંત આણવા સહિતની વ્યૂહરચનાઓ ભાજપ-સંઘ થકી વિચારાઈ, પણ ભગવી પાર્ટીને એમાં સફળતા મળી નથી. જોકે, અહીં માર્ક્સવાદી મુખ્ય પ્રધાન માણિક સરકારનાં અમારી સાથે વખાણ કરનારા સંઘના 'અધિકારીઓ' હવે એમને ઘરભેગા કરવા મેદાને પડ્યા છે. આ વખતે ભાજપની સરકાર અગરતલામાં સ્થપાય એવાં એંધાણ મળી રહ્યાનાં ઢોલ ભલે પીટાય, પણ પ્રદ્યુત દેવવર્ધને શનિવાર, ૧૦ ફેબ્રુઆરીએ આ લખનાર સાથેની વાતચીતમાં, એને માત્ર ભાજપ થકી તૈયાર કરાયેલી આભાસી છાપ ગણાવી

અનુસંધાન પાના નં. ૭ પર